# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ત્રીજું સત્ર

## ૧ ૨ સપ્ટેમ્બર, ૨ ૦ ૨ ૩

----

| | |
|---|---|
| જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ | [સામાન્ય વહિવટ - ઉદ્યોગ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ - કલાઈમેટ ચેન્જ - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - નાણા - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - નર્મદા અને કલ્પસર - કૃષિ - પશુપાલન - વાહન વ્યવહાર - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - મીઠા ઉદ્યોગ - ગૌ-સંવર્ધન - નાગરિક ઉડ્ડયન - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - આદિજાતિ વિકાસ - વન અને પર્યાવરણ - સામાજિક ન્યાય અને અધિકારિતા - છાપકામ અને લેખનસામગ્રી - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - પ્રોટોકોલ - સહકાર - રમતગમત અને યુવક સેવા - પંચાયત - મત્સ્યોદ્યોગ - મહિલા અને બાળ કલ્યાણ - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો - કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ - વહિવટી સુધારણા અને તાલીમ - શ્રમ અને રોજગાર - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ - આયોજન - ન્યાયતંત્ર - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ - પ્રવાસન - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - સંસદીય બાબતો - ગ્રામ વિકાસ - મત્સ્યોદ્યોગ અને પશુપાલન - જળસંપત્તિ અને પાણી પુરવઠા - ઉચ્ચ શિક્ષણ - ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ અન્ન અને નાગરિક પુરવઠા ]. |

કુલ પ્રશ્નો 13

----

### સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

15/3/551 *1 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં

કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર

15/3/556 *2 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

----

## ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

15/3/552 *3 **શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

----

## અમદાવાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/3/557 *4 **શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ (સાણંદ):**

**પંચાયત :-**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

----

## વડનગરમાં પ્રવાસન વિકાસ માટે ગ્રાન્ટ

15/3/554 *5 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પ્રવાસન :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને

(૩) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

## રાજકોટ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવાની યોજના

15/3/553 *6 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**આદિજાતિ વિકાસ :-**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

----

## અબડાસા તાલુકાની સુથરી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

15/3/549 *7 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અબડાસા તાલુકાની સુથરી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે ?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓની સંખ્યા

15/3/558 *8 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા ):**

**કૃષિ :-**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી મહિલા અને કેટલા પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ?

----

## ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિલ્ડીંગમાં મૂડી રોકાણ બાબત

15/3/559 *9 **શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના):**

**ઉદ્યોગ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ સહાયતા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિલ્ડીંગમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે, અને

(૨) આ યોજના હેઠળ વનબંધુ તાલુકામાં ઔદ્યોગિક પાર્ક માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિલ્ડીંગ સહાયમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે ?

----

## અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ

15/3/560 *10 **શ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી (ધંધુકા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

----

## બનાસકાંઠા જિલ્લામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા બાબત

15/3/550 *11 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**આદિજાતિ વિકાસ :-**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી છે ?

----

## રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા

15/3/561 *12 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**ક્લાઈમેટ ચેન્જ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિઓને કારણે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે, અને દેશની સરખામણીએ તે કેટલા ટકા છે, અને

(૨) રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી પૈકી પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતાની ટકાવારી કેટલી છે અને સૌર ઊર્જાની સ્થાપિત ટકાવારીએ કેટલી છે ?

----

## રાજ્યમાં મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના

15/3/555 *13 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે પેટે કુલ કેટલી સ્કોલરશીપ ચૂકવવામાં આવી ?

----